॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૫ | સપ્ટેમ્બર ૧૯૮૪ | અંક ૩

## વાલીઓને,

### ' શારદ ' અને બાળકોની કૃતિઓ

'શારદ' શરૂ કરવાનો એક ઉદ્દેશ વાલીને શાળાની પ્રવૃત્તિઓથી પરિચિત કરવાનો હતો, તે ઉદ્દેશ પાર પાડવાનો સંતોષ છે.

બાળકમાં રહેલી રચનાત્મક શક્તિઓને બહાર લાવવાનો ઉદ્દેશ પરિપૂર્ણ કરવા અમારી મથામણ છે. લેખ. કાવ્યો, ચિત્રો જેવા માધ્યમો દ્વારા બાળકોની કૃતિઓ અમને મળે છે. આ બધી જ કૃતિઓને શારદમાં સમાવવાનું કાર્ય ઘણું કઠીન છે. કોઈ બાળકની કૃતિઓ ગમે તેટલી સારી હોય તો પણ તેની કૃતિ અમે સમાવી નથી શકતા કારણ કે અન્ય બાળકને પણ પોતાની કૃતિ શારદમાં આવે તેવી ઇચ્છા હોય છે. લાંબા સમય સુધી ઘણીએ કૃતિ–અમારી ઈચ્છા હોવા છતાં સમાવી શકતાં નથી. કેટલીકવાર વાલીઓ પણ આ બાબતમાં આગ્રહ સેવતા હોય છે. અને તે સ્વભાવિક પણ છે. સારા પ્રવાસ વર્ણનો પ્રવાસે ગયા પછી વિદ્યાર્થીઓ લખતાં હોય છે. આ બધાનો અમને આનંદ છે વર્ગમાં કે સમૂહ પ્રાર્થનામાં તેનું વાંચન કરીને અમારે સંતોષ આપવો પડે છે. અહીં અપ્રસ્તુત છે છતાં જણાવું કે બાળકની જ્ઞાતિ સોસાયટીનાં નાના વર્તુળમાં મેળવેલી સિદ્ધિને પણ 'શારદમાં' સ્થાન આપવાનો આગ્રહ અમે સ્વીકારી શકતાં નથી. જેમ બાળકની પ્રગતિમાં પ્રોત્સાહન આવશ્યક છે તેમ તેનો વિવેક ચૂકાય તો બાળકને નુકશાન થાય છે એ અમારો અનુભવ છે.

કાવ્યકૃતિઓની બાબતમાં અમારો અનુભવ કડવો છે. કોઇ બાળમાસિકમાં આવેલી કૃતિ બાળક પોતાના નામે આપે તો અમને તેની જાણ ન હોય તે સ્વભાવિક છે આમ છતાં બાળકની કક્ષા બહારની કૃતિ જણાઈ હોય ત્યારે તેની ચકાસણી અમે કરી છે, છતાં બાળક તે કબૂલતું નથી કેટલીક વારતો એક જ કૃતિ બે બાળકો આપે ત્યારે પણ તે મનાવતા અમને મુશ્કેલી પડે છે. આવી બાબતમાં વાલીઓ અમને સહકાર આપે અને બાળકને આવી બાબતોમાં સાચી સમજૂતી આપે તો અમારા અને તમારા સંયુક્ત પરિણામોથી બાળકનું યોગ્ય ઘડતર આપણે કરી શકીશું. આ બાબતમાં અમે શિક્ષકો તો ચર્ચા કરી શકય હોય ત્યા કોઈ કૃતિ 'સંકલન' કરીને મુકીએ છીએ પણ કેટલાક જાગૃત વાલીઓએ પણ આ બાબતમાં અમારૂં ધ્યાન દોર્યું છે. તેનો મને આનંદ છે. અને આ તક લઇ તેમનાં તરફની આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

દિનુભાઈના વંદન

---

### ત્રેવીસમો ઓલમ્પિક મહોત્સવ

તાજેતરમાં લોસ એન્જલસ ખાતે રમાઈ રહેલા ત્રેવીસમા ઓલમ્પિક મહોત્સવે સમગ્ર વિશ્વના ખૂણેખૂણેના રમતરસિયાઓનું ધ્યાન ખેંચ્યુ છે. સૌ પ્રથમ આ રમતો ઇ સ. ૧૮૯૬માં ગ્રીસના એથેન્સમાં રમાઈ ત્યાર પછી દર ચાર વર્ષે જુદા જુદા દેશોમાં રમાતી આવી છે. જેમાં નાની મોટી જુદી જુદી લગભગ એકવીસ રમતોને સ્થાન મળ્યુ છે. જેવી કે જિમનેસ્ટિકસ, ફૂટબોલ, હોકી, વેઇટ લીફ્ટિંગ, શૂટિંગ, બોકિંસગ, સ્વિમિંગ, વોલીબોલ, બાસ્કેટબોલ, એથલેટિક વગેરે.

તેના ઉદ્દ્ઘાટન પ્રસંગે લોસ એન્જલસમાં નૃત્ય, સંગીત. બ્યુગલોના અવાજ અને શાંતિના દૂત સમા હજારો કબૂતરોને આકાશમાં મૂકવામાં આવ્યા. તે વખતે રમતવી· રોની કૂચ ઔતિહાસિક વાતાવરણમાં સૌથી વધુ આનંદ આપતી હતી. ઔલમ્પિક રમતો નિહાળવા માટે રમતવીરો અને રમતરસિકોનો મેળો લોસ એન્જલસમાં ભરાયો. ટી. વી. પર પણ આ રમતોનું પ્રસારણ થતું હતું.

આ રમતમાં જીતનારને અનુક્રમે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક આપવામાં આવતા. આ રમતોમાં વિજેતા ક્રમ અનુક્રમે અમેરિકા, પશ્ચિમ જર્મની, રૂમાનિયા, કેનેડા અને બ્રિટનને મળ્યો. આ વખતે કેટલાક વિશ્વવિક્રમો તો કેટલાક ઓલમ્પિક વિક્રમો સ્થપાયા.

ભારત ઓગણીસો એંશીની મોસ્કો ઓલિમ્પિકમાં મેળવેલ હોકીનો સુર્વણચંદ્રક ન જાળવી શકયું, તેટલું જ નહીં, સેમી ફાઈનલમાં પણ ન પહોંચી શકયુ. ભારતની મહિલા એથ્લેટ પી.–ટી. ઉષાએ કેલીફોનીયામાં ખૂબ તાલીમ

અનુસંધાન પાન ૨ ઉપર

કાયમ જોજો સત્ય દયાની સામે
કદી ન જોશો અસત્ય હિંસા સામે
કાયમ કરવી વાત મીઠા બોલથી
કદી ન કરવી વાત કડવા વેણથી

**સુજાતા ગાંધી ૬ બ**

નાની કાળી વાદળી,
આકાશે દોડી જાય,
ધરતી પર વરસે ત્યારે,
બાળક દોડી નહાય

**સંકલન–મૌલીશ્રી દોશી ૨ બ**

બન્યું જીવન
અર્થનું, નથી રહ્યો
ત્યાં કાંઈ અર્થ

આંજ્યુ કાજળ
અશ્રુનુ આંખો માંહે
અંધી દિવાની

**શાહ સોનલ ૧૧ એ**

લીલી ધરતી
શોભે વર્ષાઋતુમાં
નવોઢા સમી,

સંતાકૂકડી
રમે આકાશે ચંદ્ર
ને તારલિયા

**દિપાલી સુતરીયા ૭ બ**

ખીલ્યું ગુલાબનું ફુલ
સાંજ પડે કરમાય
નિશાળે ગયા વિના
મારું મન કરમાય

**જાનકી શાહ ૫ બ**

કાચના ટુકડા કદી સિતારા થતાં નથી,
કવિની કલ્પનામા કદી મિનારા થતાં નથી,
મિત્રો કદી પરાયા થતાં નથી,

સંકલ્પોને વેરાઈ જતાં વાર નથી લાગતી,
સ્વપ્નોને રોળાઈ જતાં વાર નથી લાગતી,
કાળજુ કોરાઈ જતાં વાર નથી લાગતી,
યુવાનીને ચાલી જતાં વાર નથી લાગતી,
સંસાર–સાગર પાર કરતાં વાર નથી લાગતી,
આ શરીરનો નાશ થતાં વાર નથી લાગતી,

**અનુજા શાહ ૧૧ અ**

## ઓલમ્પિકમાં મેરેથોનનુ મહત્વ

વર્ષો પૂર્વે ગ્રીસ અને પર્શિયા વચ્ચે યુદ્ધ થયુ હતુ આ ભયંકર યુદ્ધમાં ગ્રીસનો વિજય થયો હતો. ગ્રીસના રાજાને ખબર નહતી કે તેમનો વિજય થયો છે. ગ્રીસનો એક સૈનિક પોતાના રાજાને ખબર આપવા રણમેદાનમાંથી દોડતો દોડતો રાજા પાસે આવ્યો અને તેણે જેવું વાકય પૂરૂં કર્યું કે 'આપણો વિજય થયો છે' એવો જ એ મૃત્યુ પામ્યો. આમ તે સૈનિક રણમેદાનમાંથી અટકયા વિના ૪૧ કિ.મી. દોડતો દોડતો આવ્યો હતો.

તે પછી ગ્રીસ દેશમાં સૌ પ્રથમ ઓલમ્પિકના છેલ્લા દિવસે ૪૧ કિ.મી. મેરેથોન દોડ રાખવામાં આવે છે. અને ઓલમ્પિકમાં તેને મહત્વનું સ્થાન આપવામાં આવે છે.

આ મેરેથોન દોડમાં પોતાની શક્તિની કસોટી થાય છે. ઇ.સ. ૧૯૬૪ની ઓલમ્પિકમાં ફક્ત એક જ એથલેટ ૪૧ કિ.મી.ની દોડ પૂરી કરી શકયો હતો. ઇ.સ. ૧૯૮૪ની મેરેથોન દોડમાં પોર્ટુગલનો કાર્લોસ લોપ્સ ૨ કલાક ૮ મિનિટ અને ૧૦ સેકન્ડ સાથે સુવર્ણચંદ્રક મેળવી ગયો હતો.

**સંકલન કુણાલ શાહ ૬ ક**

(અનુસંધાન પાના નં. ૧નુ)

લીધી હોવા છતાં કમનસીબે સેકન્ડના સામા ભાગ માટે ૩૦૦૦ મીટરની દોટમાં કાંસ્ય ચંદ્રક વિના રહી ગઈ. એકંદરે ભારતે દેખાવ સારો ન કર્યો. જ્યારે પડોશી પાકિસ્તાન હોકીમાં વિશ્વ વિજેતા બની ગયુ. આ રમતોમાં ભાગ લેનાર કુલ એકસો બેતાલીસ દેશોમાંથી સુડતાલીસ દેશોએ ઓછામાં ઓછો એક ચંદ્રક મેળવ્યો.

લગભગ પંદર દિવસ ચાલેલા આ મહોત્સવની પુર્ણાહુતિ શાનદાર રીતે ઉજવાઇ પૂર્ણાહુતિ લગભગ બાણુ હજાર લોકોએ સ્ટેડિયમમાં અને અઢી અબજ લોકોએ ટી.વી પર નિહાળી. તે સમયે ભૂતકાળના ઓલિમ્પિક વિજેતાઓની મેરેથોન પરેડ યોજવામાં આવી "હવે ચાર વર્ષ પછી ૧૯૮૮માં દક્ષિણ કેરિયામાં સીઓલમાં મળીશું" એવો ધ્વજ ફરકાવવામાં આવ્યો.

આવી ઓલમ્પિક સ્પર્ધાથી અને ટી.વી. જેવી શોધના જીવંત પ્રસારણથી અમેરિકા ઘર આંગણે આવી ગયુ હોય એમ લાગ્યુ.

**ઋપુતા પુ. શાહ ૯ બ**

## ‘આજે હું ક્યાં હોઇશ’

આજે સ્મીતા નિશાળે આવી ત્યારથી બેચેન તો હતી જ જમતાં જમતાં જ તેણે મમ્મીને કહ્યું. ‘મમ્મી, મારે હવે નથી ખાવું....” ‘કેમ?’ મમ્મીને ચિંતા થઈ.... ગળા પર હાથ મૂક્યો “ના ના તાવ તો નથી.... કશું નથી.... ખાલી નિશાળ કોણ પાડે! ભણવાનું બગડે ને!” ને સ્મીતાને તેની મમ્મીએ નિશાળે મોકલી....માંડ એકાદ કલાક થયો હશે ને સ્મીતાને બેચેની વધી, તેને પેટમાં દુઃખવા લાગ્યું....એક ઉલ્ટી પણ થઈ ને તે ગભરાવા લાગી....રડી પડી....વર્ગ શિક્ષક તરત તેને ઓફીસમાં લઈ આવ્યા. ઘરે ફોન જોડ્યો....પણ....ફોન કોઈ ઊપાડે જ નહી.... “હવે?” ને વિચાર સૂઝ્યો....પાડોશીનો ફોન નંબર જોડ્યો...ત્યાંથી જાણવા મળ્યું, “સ્મીતાના મમ્મી ક્યાંક બહાર ગયાં છે ક્યારે આવશે તે ખબર નથી” ને અમારી ચિંતા વધી હવે શુ?” ત્યાં તો સ્મીતાને બીજી ઉલ્ટી થઈ તેની બેચેની વધી, ફરી એ જ પડોશીને ફોન કર્યો ને સ્મીતાની સ્થીતિની જાણ કરી. એ બેન પોતે ડોક્ટર હતાં. પ્રેમાળ સ્વભાવના હતાં. તેમણે તેમનો માનવધર્મ અને માનો ધર્મ પણ બજાવ્યો તેમના બાબાને સાયકલ લઇને સ્મીતાને લેવા મોકલ્યો....ને તેની સારવાર શરૂ કરી...

પરતું બધા જ બાળકોને આવા સૌજન્ય દાખવે તેવા પાડોશીનો લાભ ક્યાંથી મળે! કેટલાંક બાળકોને તો આવી પરીસ્થિતીમાં ય શાળામાં જ સમય વીતાવવો પડે છે ને ત્યારે શાળા અને વિદ્યાર્થી બંને માટે તે મુશ્કેલ બની જાય છે. તેમાં ય બાળમાનસ પર અસહાયતાની, ઉપેક્ષીતતાની જે છાપ પડે છે તે કદી ય ભૂંસી શકાય તેવી હોતી નથી ...બાળકો અને માતાપિતા વચ્ચેનાં પ્રેમના બંધન આને કારણે ઢીલા પડે છે. વાલી માટેનો વિશ્વાસ ડગે છે.

આનો પણ ઊપાય તો છે જ. દરેક વાલીએ બાળકને શાળાએ મોકલ્યાં પછી કંઈને કંઈ પ્રવૃત્તિ આટોપવાની તો હોય જ!... પરંતુ જેમ માબાપ જાણે છે કે બાળક હવે નિશાળે ગયું ને સાંજ સુધી નિશાળમાં જ હશે તેમ બાળકને પણ રોજ શાળાએ આવતાં પહેલા એટલી જ જાણ જો કરી રાખીએ કે તે શાળાનાં સમય દરમ્યાન ક્યાં ક્યાં હશે તો આ પરીસ્થિતિ સર્જાવાની શક્યતા ઘણી ઘટાડી શકાય....બાળક અને માબાપ વચ્ચે પ્રેમ અને વિશ્વાસની લાગણી ગાઢ બનાવી શકાય.

ઉર્મિલા શાહ

## શિક્ષકને લિંકનનો પત્ર

એણે બધું જ શીખવું પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા માણસો પ્રમાણિક નથી; કે બધા માણસો સાચા નથી હોતા, પરંતુ તમે એને શીખવજો કે એક બાજુ બદમાશો છે તો બીજી બાજુ સંતો છે પ્રપંચી, રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે....દુશ્મનો મિત્ર બને છે ખરા પણ તેમાં વાર લાગે છે! તમે એને શીખવજો કે મહેનતથી કમાએલો એક ડોલર મફત મળેલા પાંચ ડોલર કરતાં વધારે મૂલ્યવાન છે: હાર જીરવવાનું એને શીખવજો, પરંતુ જીતવામાં કેવી મજા છે તે પણ એને કહેજો. અદેખાઇથી એને અળગો રાખજો. સ્મિતનું મૂલ્ય એને સમજાવજો. જેમ બને તેમ જલ્દી એ શીખવજો કે દાદાગીરી કરનારાઓને પણ નમાવી શકાય છે. પુસ્તકોમાંથી આનંદ લેવાનું એને શીખવજો પરંતુ સાથે સાથે ધાંધલ ધમાલ છોડી આકાશમાં ઊડતા પંખી, આછા તડકામાં ગુંજારવ કરતી મધમાખી અને હરિયાળી ટેકરી ઉપર ખીલેલા રંગબેરંગી પુષ્પોની મજા માણતા એને શીખવજો.

અને શીખવજો કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે. બીજાઓ એને ખોટો કહે તો પણ તેના પોતાના વિચારો ઉપર શ્રદ્ધા રાખવાનું તેને શીખવજો. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેવાનું તેને કહેજો. એ સૌનું સાંભળે પરંતુ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું અને યોગ્ય હોય તેને સ્વીકારવાનું એને આવડવું જોઇએ.

દુઃખ હોય ત્યારે હસવાનું એને શીખવજો પરંતુ રડવાથી શરમાવાનું નથી તે પણ એને કહેજો. બહુ મીઠાશથી સાંભળવાનું ને કડવાશથી ન અકળાવાનું એને શીખવજો. એની શક્તિ અને બુધ્ધિ મોટી કિંમત આંકનારને જ આપે પરંતુ આત્મા અને હૃદય તો કોઈ પણ કિંમતે નહિ વેચવાનું એને શીખવજો. ટોળાના અવાજને અવગણવાનું, પરંતુ જે સાચુ છે તેને માટે લડવાનું એને શીખવજો.

એના તરફ વાત્સલ્ય રાખજો પરંતુ એને લાડ લડાવશો નહિ સુવર્ણ તપી તપીને જ શુધ્ધ બને છે. બહાદુર બનવાની એ ધીરજ રાખે પોતાના પર પૂરો વિશ્વાસ રાખવાનું એને શીખવવું જરૂરી છે કેમ કે તો જ માનવજાત ઉપર એ શ્રદ્ધા રાખી શકશે.

આ મારી માંગણી બહુ મોટી છે આપ આ બાબતમાં શું કરી શકો છો તે જોજો....એ મારો બહુ મજાનો નાનકડો દીકરો છે.!....

સંકલન–“નવનીત સમર્પણમાંથી”
ઓગસ્ટ ૧૯૮૪

# સંસ્થાકીય સમાચાર

તા. ૧૭–૮–૮૪ને શુક્રવારે બાળમંદિરમાં કૃષ્ણ જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો. તાલીમની દરેક ટુકડીએ કૃષ્ણનાં જીવનનાં એક એક પ્રસંગને અનુલક્ષીને સુંદર અને ભાવસભર તથા કલાત્મક રજુઆત કરી, જેમાં કૃષ્ણ જન્મ, કાલીનાગનું દશ્ય ગોકુળની રાસલીલા, માખણચોર કૃષ્ણકનૈયો, ગોવર્ધનપૂજા વિગેરે દશ્યોની સુંદર રજૂઆત થઈ. શ્રી કૃષ્ણના જીવનનો જાણે તાદશ્ય ચિતાર રજુ થયો ને બાળકના મન પર સદાય તેનીછાપ અંકિત થાય તેવી આ રજુઆત ખરેખર અભિનંદને પાત્ર હતી.

તા. ૩૧–૮–૮૪ને શુક્રવારના રોજ સંસ્થામાં મુંબઈના દાદરની પ્રિમીયર સ્કુલના પ્રિન્સિપાલ શ્રી કીર્તિભાઈ વ્યાસ પધાર્યા. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ તેમનાં વિદેશના પ્રવાસનાં સંસ્મરણો રસપ્રદ અને હળવી છતાં જ્ઞાનસભર શૈલીમાં રજુ કર્યા વિદ્યાર્થીઓ તેમજ શક્ષકો, સૌ કોઈ માટે આ પ્રવચન એક હંમેશનું સંભારણું બની ગયુ.

તા. ૨૪–૮–૮૪ને શુક્રવારનાં રોજ સંસ્થામાં ઇન્ટરેકટ કલબના નવા વર્ષની આ પ્રથમ સભામાં નવા હોદ્દેદારોની નિમણુંક સાથે શ્રી સી. પી. શાહનું પ્રેરક અને માર્ગદર્શક પ્રવચન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને તેમાંથી નવા કાર્યો અંગેની પ્રેરણા મળી.

**અભિનંદન**

શાળાનાં ધોરણ ૧૧ કમાં ભણતા વિદ્યાર્થી શાહ વિતેશ ભિખુભાઇને રાયફલ શૂટીંગ સ્પર્ધામાં દ્વિતિય ઇનામ પ્રાપ્ત થયું તે બદલ તેમને અભિનંદન.

**ક્રિકેટ** :–હિલ ચેલેંજ શીલ્ડના પ્રથમ રાઉન્ડમાં જયહિંદ હાઇસ્કુલ સામે આપણી શાળાનો ૯ વિકેટે વિજય થયો છે.

જયહિંદ હાઇસ્કુલ–૫૭ રન

શારદામંદિર–૧ વિકેટે ૫૦ રન

હિલ ચેલેંજ શીલ્ડના બીજા રાઉન્ડમાં મોર્ડન હાઇસ્કુલ સામે આપણી શાળા વિજય બની છે.

મોર્ડન હાઇસ્કુલ ૧૦૦ રન.

શારદામંદિર ૨ વિકેટે ૧૦૧ રન.

**શ્રદ્ધાંજલિ** :-

આ સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર અને હેમરાજ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી ઉછરંગરાય ભગતના અવસાનની નોંધલેતા અમે દુઃખ અનુભવીએ છીએ તેઓ આદર્શ શિક્ષક અને સારા વહીવટદાર હતા. ઇશ્વર તેમના આત્માને શાંતિ આપે,



સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની મિનળબેન કુમુદચંદ્ર શાહના અવસાનની નોંધ લેતા અત્યંત દુઃખ થાય છે. મિલનસારસ્વભાવ અને સહનશીલતાની મૂર્તિ સમી બેન મિનળ આદર્શ વિદ્યાર્થીની અને એક આદર્શ માતા હતી. તેના અવસાનથી કુટુંબ ઉપર આવી પડેલી આફત સહન કરવાની શકિત પ્રભુ આપે તવી પ્રાર્થના. ઇશ્વર તેના આત્માને શાંતિ આપે.

શારદામંદિરને આ વર્ષે ૬૦વર્ષ પૂરા થાય છે. તે પ્રસંગને અનુલક્ષીને આગામી ડિસેમ્બર માસના બીજા અઠવાડીયામાં પ્રદર્શન, આનંદમેળો, સ્મૃતિઅંક, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાનું વિચાર્યું છે

આ કાર્યક્રમમાં વાલીઓનો અમને સહકાર મળશે. તેવી અપેક્ષા છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિનંતી કે તેમનાં હાલના સરનામા તથા ટેલીફોન નંબરની જાણ અમને કરે કે જેથી આ અંગેનો સંપર્ક સાધવાની સરળતા રહે.

"ખાલી વાંચવું એ મજુરી છે, વાંચીને વિચારવું, વાગોળવું વર્તવું એ કલા છે."

**શ્રી માર્સ્ડન બકુભાઇ એન્ડ સન્સ પ્રાઈવેટ લીમીટેડના** સૌજન્યથી....

તંત્રી, મુદ્રક પ્રકાશક : હિંનુભાઇ દ. દવે. આચાર્ય અને નિયામક શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ–૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭. ટે. નં. ૪૧૨૭૮૮.